## ‘કલ્પના’ પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે ‘સન્નારી’માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે.‘કલ્પના’. તમારી મૌલિક કૃતિ અમને 04-07-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો.
Email :sannari@gujaratmitra.in
- સંપાદક

## ‘AI’

**‘AI’ પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો.**

### માનવબુદ્ધિનું સર્જન AI

AI મારો જીગરી દોસ્ત, છે જ્ઞાનનો ભંડાર,
એને પૂછું પ્રશ્ન તો આપે તે ઉત્તર ફડફડાટ.
તેની બુદ્ધિ તોલે, આજ સુધી કોઈ ન આવે,
આપે સંસ્કાર જ્ઞાન, અજીબ ટેક. વિચાર.
શાળા, કચેરી, હોસ્પિટલ, કરે સહાય અનંત,
માનવ સહાયક બની, કરે કાર્ય અપરંપાર.
ન આળસ, થાક, ન ઝંઝટ ,ન કોઈ ફરિયાદ,
કરે કાર્ય દિવસરાત, એ જ એની ઓળખાણ.
માનવબુદ્ધિનું સર્જન, AI છે અદ્દભુત દાન,
સાચો ઉપયોગ જો કરીએ તો બનશે આશીર્વાદ.
માનવ સાથે હાથ મિલાવી કરે વિકાસ અપાર,
આવતીકાલનાસપનાનેઆપે‘યોગી’નવોઆકાર.
**- યોગેન્દ્ર પટેલ (સુરત)**

### બુદ્ધિનું બીજ, AIનું વૃક્ષ

માનવ મેધાના ખેતરમાં, વિચારનું બીજ વવાયું,
જ્ઞાન અને સંશોધનથી, AIનું વૃક્ષ ઉગાયું.
જેમાં દિવસો લાગતા પહેલાં, તે પળમાં પૂર્ણ થાય,
પ્રગતિની નવી ડાળીઓ પર, સફળતાનાં ફળ લહેરાય.
પુસ્તકોનાં પાનાં પલટતાં, કલાકો જ્યાં પસાર થતા,
AIના સ્પર્શે આજે જવાબો, ક્ષણમાં સાકાર થતા.
વિજ્ઞાન, શિક્ષણ, આરોગ્યમાં, નવી આશા અંકુરાય,
જ્ઞાનનાં હરિયાળા પર્ણોથી, વિકાસની છાયા છવાય.
પણ આ વૃક્ષનું મૂળ તો, માનવબુદ્ધિમાં સમાય,
સર્જનહારના સ્પર્શ વિના, AI ક્યાંથી સર્જાય?
AI પાસે ગતિ અને શક્તિ, માનવ પાસે દિશા છે,
AI પાસે માહિતી છે, માનવ પાસે સંવેદનાની ભાષા છે.
યંત્રો ગણતરી કરી શકે, હૃદયની ધડકન ન જાણે,
પ્રેમ, કરુણા અને લાગણીના દીપ તો માનવ જ પ્રગટાવે.
ચાલો, માનવતા અને ટેક્નોલોજીનો સંગમ સર્જી લઈએ,
બુદ્ધિનાં બીજથી ઊગેલા આ વૃક્ષને વિશ્વકલ્યાણે વાળી લઈએ.
**- ડો. વૃંદા દેસાઈ (સુરત)**

### નામ નવું કામ અવનવું

દુનિયા ક્યાં જઈ ઊભી કેવું?
માનવી તું બુદ્ધિ સાગર તું,
ઈશ્વરની અદ્દભુત દેન તું.
જાદુ તારો ક્યાંથી ક્યાં લઈ જાય?
આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ,
નવી પેઢીનો લાગણી ભાગ,
સત્ય વિશ્વસનીયતાનું છે.
સુંદર ગામ, નદી, વૃક્ષો છે,
રસોઈનો પણ જાદુ ભર્યો છે.
દેશવિદેશનો પરિચય કરાવે,
સુંદર સપનાં કેરું વિશ્વ ભર્યું,
જોતાં જ મન ઠરે જોવું ગમતું.
રૂપગુણ પણ ભર્યાં ગમતો,
પંખી-પ્રાણીઓના કરિશ્મા,
એ. આઈનું વિશ્વ અજબ છે.
**- જયા રાણા - સુરત**

### AI ની દુનિયા અજબની

દેવની બનાવેલ દુનિયાની નકલ,
કરતો હવે માનવી
સ્વર્ગસ્થ પિતૃઓને બોલાવતો
હવે માનવી.
AI ની દુનિયા અજબની છે
પણ.....
નસોમાં વહેતું રક્ત ન બનાવી શકે તું,
વેદના કે ખુશીનું આંસુ ના વહાવી શકે તું,
નફરત કે લાગણીઓની માયાજાળ
ન ગૂંથી શકે તું ...
એના જેવો એન્જિનિયર ન બની શકે તું...
વહીવટ આ એણે રાખ્યો છે એના હાથમાં,
એમ કંઈ એનો વહીવટદાર ન બની શકે તું !!
**- રીટા સંજય વશી**

### મશીનની દુનિયા બનાવી દેશે AI

ખીલેલી બુદ્ધિનો છંટકાવ AI
વૈજ્ઞાનિકનું હરણફાળ સાહસ AI
કૃત્રિમ હાથ-પગ, કૃત્રિમ દિલ... હવે AI
ક્યાંથી લાવીશું એ કૃત્રિમ લાગણી AI
ચેટજીપીટી, સિરી, એલેક્ઝા, ક્લાઉડરૂપી AI
જ્ઞાનરૂપી જાદુની છડી... હાજીર AI
સર્જનાત્મક બુદ્ધિમત્તાનો વિકાસ AI
સૂક્ષ્મ ટેક્નોલોજીનું નિરીક્ષણ AI
મશીનની દુનિયા બનાવી દેશે AI
રહી જશે માનવ કઠપૂતળીરૂપે...
**- સંગુ કમલ શાહ (સુરત)**

### કોણે છીનવી લીધી છે?

AI, આ કૃત્રિમ બુદ્ધિમત્તાએ
મારી મતિ
મારી નાંખી છે
મારી બુદ્ધિ
બહેર મારી ગઈ છે
મારી બુદ્ધિ
કોણે છીનવી લીધી છે?
**- દીપક જગતાપ**

### દેવની બનાવેલ દુનિયાની નકલ

કોમ્પ્યુટર વિજ્ઞાન શાખામાં
જન્મ પાનાર, તારી કાર્યક્ષમતાને છે સલામ.
ભલે તું ઝડપી - ચોક્કસ છે
પણ
તારામાં માનવ જેવી
પ્રેમાળ લાગણી, સ્પર્શ છે ક્યાં!
ભલે તું ગમે તેટલો ઘમંડ કરે
પણ તારા આવિષ્કારમાં એક
સજીવ માનવીનું જ
કુદરતી કૌશલ્ય
સમાયેલું છે!
**- દીપક દલાલ (સુરત)**



### લઘુકાવ્યઃ

**AI**
**બુકાની વિનાનો**
**માનવ બુદ્ધિનો ચોર.**
* *
**આપણા મનની**
**ઓળખ ડીલીટ કરે એવો ચોર**
**તે AI.**
* *
**આપણે આપણી**
**પ્રેમિકાને ભૂલીને**
**પ્રેમમાં પડીશું જરૂર**
**AI ની મોડેલ રૂપસુંદરીઓના.**
**- કિશોર આર. ટંડેલ(નવસારી)**

### હું AI છું...

હું અક્ષરોનો મહાસાગર ને જ્ઞાનનો નવો પિરામિડ છું,
માનવીએ જ સર્જેલું એક અદ્દભુત, નવું બ્રહ્માંડ છું,
હું ડિજિટલ યુગનું નવું પ્રભાત, હું AI છું...
ગણતરીઓ સેકન્ડોમાં કરું ને ચિત્રો પલભરમાં દોરું,
માહિતીનો અખૂટ ભંડાર હું એક ક્ષણમાં ખોલું.
નથી થાકતો, નથી ઊંઘતો, બસ સતત કામ કરું છું,
દુનિયાની ગતિ વધારનારું ચક્ર, હું AI છું...
પણ રોકો... જરા વિચારો, મારી પાસે એક મર્યાદા છે,
તમારી જેમ મારી પાસે ક્યાં કોઈ સંવેદના છે?
હું મગજ આપી શકીશ પણ દિલ ક્યાંથી લાવીશ?
આંસુ લૂછવા માટે ડિજિટલ આંગળીઓ ક્યાંથી લાવીશ?
મારો ઉપયોગ કરજો પ્રગતિ માટે પણ ગુલામ ન બનતા,
યંત્રના આ ચક્રવ્યૂહમાં પોતાની જાતને ન ખોતા.
તમે છો તો મારું અસ્તિત્વ છે, એ વાત હું સ્વીકારું છું,
માનવ મનની જ એક સુંદર રચના, હું AI છું...
**- નિરાલી ઠોરિયા (મોરબી)**

### AIની કમાલ

AI, AIની છે બહુ રામાયણ,
થાય એનાથી પરેશાન આખું પર્યાવરણ.
AIની વળી કમાલ ને ધમાલ પણ,
જળને લઈ એ જગને પણ બનાવશે રણ.
છીનવી લેશે નોકરી ને થશે ઘણા બેકાર,
તોય એના માનવી પર છે ઘણા ઉપકાર.
મચી ગઈ આઈ.ટી.ને AIની બૂમરાણ,
કોણ કરશે દૂર? ઇ છે બધે મોંકાણ.
ખપત કરશે એ ઝાઝી વીજળીની,
ને પછી શરૂ થશે પજવણી અંધારાની.
સઘળાં કામ તો AI કરશે,
પછી પૃથ્વી પર માનવી શું કરશે?
**-હિતેન્દ્ર ટેલર (નવસારી)**

### આ તારું કેવું ઈન્ટેલિજન્સ ?!

વધ્યો છે જ્યારથી ‘AI’નો વ્યાપ,
ઘટ્યો છે ત્યારથી આપણા ‘આઈક્યુ’ નો વ્યાસ.
રહે છે ક્યાં હવે ખુદનો નંબર પણ યાદ,
આ છે ‘AI’ ના જ આશીર્વાદ.
આર્ય ભટ્ટ કે ચાણક્ય હતા ખુદ ઇન્ટેલિજન્ટ,
મારવા પગે કુહાડો,
રચ્યું આપણે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ.
ફળ, ફૂલ ,અને રંગ તો ઠીક,
હવે તો હાસ્ય અને રુદન પણ છે આર્ટિફિશિયલ,
રે મનુષ્ય આ તારું કેવું ઇન્ટેલિજન્સ.
**- હાર્દિક શાહ.**

### મિત્ર AI

માણસના મનની વાતોને,
શબ્દોમાં ગૂંથી દે AI;
પ્રશ્નોના અંધકારમાં,
જ્ઞાનનો દીપક બને AI.
લાગણીઓ તો માનવની જ રહે,
પણ સપનાંઓને પાંખ આપે AI
**-અંકુરભાઈ ગુલાબભાઈ લાડ (બામણવેલ)**

### કળિયુગ અને AI

કાળના ચાર યુગોની ગાથા જૂની થઈ,
સતયુગ, ત્રેતાયુગ ને દ્વાપરની વાત પૂરી થઈ.
જીવીએ છીએ આજે કળિયુગમાં સહુ કોઈ,
સત્ય, ભક્તિ ને સદાચારનો લોપ થયો જોઈ.
બુદ્ધિના પ્રભાવે માનવની શક્તિ વધી ગઈ,
નવી ક્રાંતિ રૂપે દુનિયામાં AI છવાઈ ગઈ.
ક્ષણોમાં જવાબ આપે, કાર્ય પણ કરે સહેલાઈ,
જ્ઞાનનો ભંડાર બની સહુને માર્ગ બતાવતી AI
વિજ્ઞાનની આ ભેટ અદ્દભુત ગણાય,
માનવજીવનને નવી ગતિ અને શક્તિ અપાય.
પણ યાદ રાખીએ એક વાત સદાય,
માનવતા, પ્રેમ અને કરુણાનો વિકલ્પ નથી AI
**સીમા પરીખ (સુરત)**

### AIની માયાજાળ

નવું છે.. નવેલું છે તોફાન, મિત્રો.
બડું અટપટું છે આ શેતાન, મિત્રો.
#
નથી કોઈ વરઘોડો યા જાન, મિત્રો!
અનેરી છે AIની શાન, મિત્રો!
#
શું નામ એનું? છે કોઈ કૈં પરિચય?
કે યંત્રો જ એની પહેચાન, મિત્રો?
#
છે કહ્યાગરું અથવા છે એ મનસ્વી?
યા હસવા ને રોવાની દુકાન, મિત્રો?
#
એ ઈશ્વર છે કે ઈશ્વરી અંશ જાણે?
એ દુઃખી થવાનું શું વિજ્ઞાન, મિત્રો?
#
એ ખુદ ઊડે છે, ઊડાડે બધાંને,
વિના પાઈલટનું એ વિમાન, મિત્રો!
#
એ ઘડિયા, પલાખા ને દેશી હિસાબો...
કહેવત, ઉખાણાંનું અપમાન, મિત્રો!
**- બકુલેશ દેસાઈ**